**મંજૂરી પત્ર (Sanction Letter) - સામાન્ય શરતો અને નિયમો**

1. નીચે દર્શાવેલ પરિસ્થિતિઓમાં આ મંજૂરી પત્ર રદ ગણાશે અને સંપૂર્ણપણે અમાન્ય બની જશે:

   a) જે પ્રસ્તાવના આધારે આ લોન મંજૂર કરવામાં આવી છે તેમાં કોઇ મહત્વપૂર્ણ ફેરફાર થાય.

   b) આવક, લોનની ચુકવણી કરવાની ક્ષમતા અથવા લોન અરજી/પ્રસ્તાવ સાથે સંબંધિત કોઈ મહત્વપૂર્ણ માહિતી છુપાવવામાં આવી હોય, દબાવવામાં આવી હોય અથવા MAHOFIN ને જાણ કરવામાં આવી ન હોય.

   c) લોન અરજીમાં આપેલ કોઈપણ માહિતી ખોટી અથવા અસત્ય સાબિત થાય.

   d) કાનૂની અથવા ટેકનિકલ મૂલ્યાંકન અહેવાલ સંતોષકારક ન હોય.

   e) ગીરો રાખવામાં આવેલી મિલકતનો મંજૂર નકશો (Sanction Plan) સંબંધિત સત્તાધિકારીઓ દ્વારા મંજૂર કરવામાં આવ્યો ન હોય.

   f) MAHOFIN ની નીતિ મુજબ જરૂરી દસ્તાવેજોની યોગ્ય રીતે અમલવારી કરવામાં આવી ન હોય.

2. આ મંજૂરી પત્ર લોન સુવિધાની કેટલીક મૂળભૂત શરતોનો માત્ર સારાંશ છે અને તેને MAHOFIN અને લોનગ્રાહક વચ્ચેના અંતિમ કરાર તરીકે ગણવામાં આવશે નહીં.

3. હાલની માહિતીમાં કોઈપણ ફેરફાર થાય તો ગ્રાહકે તે ફેરફાર 30 દિવસની અંદર લેખિતમાં MAHOFIN ને જાણ કરવો પડશે. સરનામામાં ફેરફાર થાય તો નવા સરનામા માટે માન્ય KYC દસ્તાવેજ પણ આપવાનો રહેશે. જ્યાં સુધી MAHOFIN ના રેકોર્ડમાં નવી વિગતો અપડેટ ન થાય ત્યાં સુધી તમામ સંદેશાવ્યવહાર જૂના સરનામા અથવા સંપર્ક ક્રમાંક પર જ મોકલવામાં આવશે.

4. તમે આપેલ ઘોષણા/બાંયધરી મુજબ લોનની રકમનો ઉપયોગ માત્ર “End Use of Fund” માટે જ કરવામાં આવશે. લોનની મુદત દરમિયાન આ રકમના ઉપયોગનો હેતુ બદલવામાં આવશે નહીં. આ રકમનો ઉપયોગ કોઈ પણ ગેરકાયદેસર, સમાજવિરોધી અથવા સટ્ટાકીય (Speculative) હેતુ માટે કરવામાં આવશે નહીં.

5. લોન ખાતું સંપૂર્ણપણે બંધ અથવા ચૂકવી દેવામાં આવ્યા પછી 30 દિવસની અંદર મિલકત પરના તમામ ચાર્જ મુક્ત કરીને મૂળ દસ્તાવેજો પરત કરવામાં આવશે.

6. જો મિલકત એકથી વધુ વ્યક્તિઓના સંયુક્ત માલિકીની હોય, તો તમામ માલિકો લોનના સહ-અરજદારો (Co-applicants) તરીકે સામેલ થશે.

7. MAHOFIN દ્વારા માંગવામાં આવેલા મિલકતના મૂળ માલિકીના દસ્તાવેજો સોંપવા પડશે અને ગીરો (Mortgage) ઊભું કરવા માટેની તમામ પ્રક્રિયા લોનના વિતરણ પહેલાં પૂર્ણ કરવી પડશે.

8. ગીરો રાખવામાં આવેલી મિલકત કોઈ કરારભંગ, કરચોરી, ગેરવહીવટ અથવા અન્ય ગંભીર દુરાચાર સંબંધિત કાનૂની કાર્યવાહી, ચુકાદા અથવા અદાલતી આદેશોથી મુક્ત હોવી જોઈએ.

9. ગીરો રાખવામાં આવેલી મિલકત ભારતના કોઈપણ ભાગમાં કોઇ વિવાદ, ચાર્જ, કર બાકીદારી, કેસ અથવા જપ્તીથી મુક્ત હોવી જોઈએ.

10. MAHOFIN દ્વારા નાણાંકીય સહાયથી મેળવેલી મિલકતો પર લોનગ્રાહક કોઈ વધારાનો ચાર્જ, લિયન અથવા બોજ ઊભો કરશે નહીં.

11. MAHOFIN પાસે ગીરો રાખેલી મિલકતનું લોનગ્રાહક વેચાણ, હસ્તાંતરણ, પુનઃગીરો અથવા અન્ય કોઈ રીતે નિકાલ કરશે નહીં.

12. ચૂકવેલ ફી અને અન્ય ચાર્જિસ પરત આપવામાં આવશે નહીં.

13. મહારાષ્ટ્ર રાજ્ય માટે લાગુ પડતા Notice of Intimation ની પ્રક્રિયા લોન વિતરણ પછી 15 દિવસની અંદર પૂર્ણ કરવી જરૂરી છે.

14. મૂળ વેચાણ દસ્તાવેજ (Sale Deed) અથવા અન્ય જરૂરી દસ્તાવેજો રજૂ કરવામાં નિષ્ફળતા થાય તો MAHOFIN લોનના વિતરણને રદ અથવા પાછું ખેંચી શકે છે.

15. મૂળ વેચાણ દસ્તાવેજ રજૂ ન કરવા અથવા મંજૂરીની શરતોનું પાલન ન કરવાના કારણે લોન વિતરણ રદ કરવામાં આવે અથવા પાછું ખેંચવામાં આવે તો લોનગ્રાહક MAHOFIN વિરુદ્ધ કોઇ કાનૂની કાર્યવાહી કરી શકશે નહીં.

16. આ મંજૂરી પત્ર આપવાથી લોનગ્રાહકને કોઇ કાનૂની અધિકાર પ્રાપ્ત થતા નથી. ઉપર જણાવેલ અથવા અન્ય કોઇ કારણોસર MAHOFIN આ મંજૂરી રદ કરવાનો સંપૂર્ણ અધિકાર ધરાવે છે.

17. વેચાણ દસ્તાવેજનું રજિસ્ટ્રેશન લાગુ કાયદા અને નિયમો મુજબ યોગ્ય રીતે થાય તેની સંપૂર્ણ જવાબદારી લોનગ્રાહકની રહેશે.

18. લોનનું પૂર્વબંધ (Pre-closure) કરવામાં આવે તો બાકી રહેલી મૂળ રકમ પર 4% તથા લાગુ પડતા કર વસૂલવામાં આવશે. ગૃહ લોનના કિસ્સામાં, જો લોનગ્રાહક પોતાની જ રકમમાંથી ચુકવણી કરે અને તે અંગેના પુરાવા રજૂ કરે, તો પૂર્વબંધ ચાર્જ લાગુ થશે નહીં. આંશિક પૂર્વચુકવણી પર કોઇ પ્રતિબંધ રહેશે નહીં.

19. ગૃહ લોનના કિસ્સાઓમાં, મિલકત સંબંધિત વ્યવહાર પૂર્ણ થાય અને વેચનારને નાણાં ચૂકવવામાં આવે તે પહેલાં મિલકત ખાલી હોવી જરૂરી છે.

20. લોનની રકમ Disbursement Request Form (DRF) મુજબ લોન મૂલ્યાંકન માટે ઉપયોગમાં લેવાયેલા લોનગ્રાહકના બેંક ખાતામાં અથવા NEFT/ઇલેક્ટ્રોનિક ટ્રાન્સફર દ્વારા જમા કરવામાં આવશે. મિલકત ખરીદીના કિસ્સામાં રકમ સીધી વેચનારના બેંક ખાતામાં જ જમા કરવામાં આવશે.

21. લોનનું વિતરણ બાંધકામના તબક્કાઓ અને MAHOFIN ના નિયમો મુજબ કરવામાં આવશે.

22. રજૂ કરાયેલા આવક દસ્તાવેજો અને KYC દસ્તાવેજોની સંતોષકારક ચકાસણી બાદ જ લોનનું વિતરણ કરવામાં આવશે.

23. બાંધકામ/નવીનીકરણ/વિસ્તરણ લોનના કિસ્સામાં, પ્રથમ વિતરણની તારીખથી EMI શરૂ થશે.

24. ગ્રાહકે પોતાનો Margin Money નો સંપૂર્ણ ફાળો ભર્યા પછી જ બાંધકામની પ્રગતિ અનુસાર લોનની રકમ આંશિક અથવા સંપૂર્ણ રીતે વિતરિત કરવામાં આવશે.

25. લોનની રકમ ઘર ખરીદવા અથવા બાંધવા માટે અરજીમાં દર્શાવાયેલા અંદાજિત ખર્ચના આધારે નક્કી કરવામાં આવી છે. જો વાસ્તવિક ખર્ચ ઓછો હોય તો MAHOFIN લોનની રકમ ઘટાડવાનો અધિકાર ધરાવે છે.

26. Loan Against Property (LAP) ના કિસ્સામાં, જો મિલકત ભાડે આપવામાં આવી હોય તો તેને અગાઉથી ખાલી કરાવવી પડશે અથવા ભાડુઆત પાસેથી NOC અને KYC દસ્તાવેજો મેળવવા પડશે.

**ઘોષણા**

હું/અમે ખાતરી આપીએ છીએ કે આ મંજૂરી પત્રમાં દર્શાવેલ શરતો અને નિયમો મને/અમને સમજાયા છે અથવા અમારી સમજની સ્થાનિક ભાષામાં સમજાવવામાં આવ્યા છે અને હું/અમે તે સ્વીકારીએ છીએ.

હું/અમે MAHOFIN ને પ્રસ્તાવિત નાણાકીય સુવિધાના મૂલ્યાંકન માટે જરૂરી માહિતી એકત્રિત કરવા તેમજ Credit Information Companies (CICs) સહિત અન્ય સ્રોતોમાંથી માહિતી મેળવવા માટે અધિકૃતતા આપીએ છીએ.